

P.07

અનન્યા માટે સૌથી મોટો ખતરો એ છે કે જો કોઈ પાર્ટનર તેની સફળતાથી ખુશ ન હોય

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

કૃતિ સેનન એક જ ઘૂંટમાં વરુણ ધવનનો ચોકલેટ શેક પી ગઈ, વીડિયોવાયરલ થયો



તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૩૦૩ I વિક્રમ સંવત ૨૦૮૧ : વૈશાખ વદ ૧૨ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 303 • Dt.07-06-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



પાકિસ્તાનના પેશાવરમાં ભીષણ બ્લાસ્ટ, દિગ્ગજ નેતાનું મોત, ત્રણ ઈજાગ્રસ્ત 07




07 JUNE- 2025 SATURDAY




07 ઇઝરાયલે હિઝબુલ્લાહને ફટકો આપ્યો I બેરુતમાં હુમલો કરીને ડ્રોન ઉત્પાદન સ્થળોનો નાશ કર્યો


ગુજરાત રાજ્યનો સૌથી મોટો સાયબર ફ્રોડ

## સમગ્ર કેસમાં દિવ્યેશ વિનીત સહિત રિચ પે આઈડી ધારક નામના આરોપીઓ પણ મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું

# આરબીએલ બેંકના ૯૦ ખાતામાંથી ૧૪૪૫ કરોડનું ટ્રાન્ઝેક્શન

### ૧૪૫૫ કરોડના વ્યવહારો કુલ ૬ મહિનાના સમયગાળા દરમિયાન આરોપીઓ દ્વારા થયેલા હોવાનું સામે આવ્યું I સુરતની ઉધના પોલીસ દ્વારા તપાસમાં હજુ મોટા ખુલાસા થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ

I પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૬ I

ગુજરાતમાં અવારનવાર સાયબર ફ્રોડની ઘટનાઓ સામે આવતી રહે છે. પરંતુ હવે રાજ્યમાં સૌથી મોટા સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો છે. જેને લઈને પોલીસ પણ ચોંકી ગઈ છે. ગુજરાત પોલીસને ૧૬૫ બેંક એકાઉન્ટ મળી આવ્યા છે. જેમાં માત્ર ૬ મહિનામાં આરબીએલ બેંકના ૯૦ બેંક એકાઉન્ટમાંથી કુલ ૧૪૪૫ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા છે. જોકે અન્ય ૭૫ બેંક એકાઉન્ટની તપાસ ચાલી રહી છે.સમગ્ર ઘટના અંગે જાણીએ તો, સુરત પોલીસ દ્વારા વાહન ચેકિંગ ચાલી રહ્યું હતું, આ દરમિયાન એક મોપેડને રોકવામાં આવ્યું, ત્યારે સમગ્ર ભાંડાફોડ થયો અને આરોપીની ધરપકડ કરી હતી. પૈસાની જરૂરીયાતમંદ લોકોને બેંક લોન આપવાના બહાને ડોક્યુમેન્ટ લઈને બેંક એકાઉન્ટ ખોલી નાખવામાં આવતા હતા. બાદમાં ડોક્યુમેન્ટ ખૂટે છે જેના કારણે બેંક એકાઉન્ટ નહીં ખુલે તેવું કહીને આ ભેજાબાજો બેંક એકાઉન્ટ ખોલી નાખતા હતા. બાદમાં બેંક એકાઉન્ટ ધારકની જાણ બહાર તે ખાતામાં સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરવામાં આવતા હતા.

આ કૌભાંડ ગુજરાત જ નહીં પરંતુ દેશવ્યાપી હોવાનું પણ સામે આવ્યું છે. કીરાટ જાદવાણી અને મિત ખોખર સહિત મયુર ઈટાલિયાની ધરપકડ કરાઈ હતી. સમગ્ર કેસમાં દિવ્યેશ વિનીત સહિત રિચ પે આઈડી ધારક નામના આરોપીઓ પણ મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે. હાલ, સુરતની ઉધના પોલીસ દ્વારા તપાસમાં હજુ મોટા ખુલાસા થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે.




ઉધના પોલીસની તપાસ દરમિયાન મળી આવેલા અલગ અલગ બેંકોના ૧૬૫ અકાઉંટ પૈકી આરબીએલ બેંકના કુલ ૯૦ એકાઉન્ટની માહિતી આવી જતા તેમાં ૧૪૫૫ કરોડના વ્યવહારો કુલ ૬ મહિનાના સમયગાળા દરમિયાન આરોપીઓ દ્વારા થયેલા હોવાનું સામે આવ્યું છે. તેમજ મોટાભાગના બેન્ક એકાઉન્ટ પૈસાની જરૂરીયાતમંદ લોકોને લોન આપવાના બહાને ખોલાવેલા હોવાનું સામે આવ્યું છે.

રાજ્યમાં દિન-પ્રતિદિન કોરોનાના કેસોમાં વધારો ચિંતાજનક

# ગુજરાત રાજ્યમાં કોરોનાના નવા ૧૬૭ કેસ નોંધાયા : અત્યાર સુધીમાં કુલ ૬૧૫ કેસ

I પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૬ I

રાજ્યમાં દિન-પ્રતિદિન કોરોનાના કેસો વધી રહ્યા છે,આરોગ્ય વિભાગના તાજેતરના આંકડાઓ અનુસાર ગુજરાતમાં કોરોનાના એક જ દિવસમાં નવા ૧૬૭ કેસ નોંધાયા. અત્યાર સુધી કુલ ૬૧૫ કેસ નોંધાયા, જેમાં ૬૦૦ દર્દી હોમ આઈસોલેશન હેઠળ છે તો ૧૫ દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે. આજરોજ ૬૦ દર્દીઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા.જ્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલનાં ડોક્ટર કોરોના સંક્રમિત થયા છે. રેડીયોલોજી ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા ડોક્ટરનો આરટીપીસીઆર ટેસ્ટ પોઝીટીવ આવતા સિવિલમાં દાખલ કર્યા છે.વડોદરામાં ૩૪ સેમ્પલમાંથી ૬ લોકોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ કેસ રામદેવનગર, છાણી, દિવાળીપુરા, ભાયલી વિસ્તારમાં નોંધાયા છે. હાલ તમામ છ દર્દી હોમ આઈસોલેશનમાં છે. કુલ ૬૧૫ કેસ નોંધાયા, ૬૦૦ દર્દી હોમ આઈસોલેશન હેઠળરાજ્યમાં ૪ જૂને ૧૧૯ કેસ સામે આવ્યા હતા. અત્યાર સુધીમાં એટલે ૪ જૂનની સાંજ સુધીમાં કોરોનાના કુલ ૫૦૮ એક્ટિવ કેસો નોંધાયા છે. જેમાંથી ૧૮ દર્દીઓ હોસ્પિટલાઈઝ છે અને ૪૯૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. જ્યારે ૭૮ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.સોલા સિવિલ હોસ્પિટલમાં ઉપરોક્ત ૧૪ દર્દીઓ પૈકી ૧૩ મહિલાઓ હતી. તેમાંથી એક મહિલા ચાલુ સારવારમાં હોસ્પિટલમાંથી ભાગી છૂટી હતી. બાકી દર્દીઓને સારવાર બાદ ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. વર્તમાનમાં એક મહિલા સોલા સિવિલમાં કોરોના પોઝિટિવ આવતા દાખલ છે. કોરોના પોઝિટિવ ૩ દર્દીઓએ મેડિકલ એડવાઈઝ વિરુદ્ધ ડિસ્ચાર્જ લીધું હતું. તો ૪ દિવસના બાળકને તેના પરિવારે વિનંતી કરતા ડિસ્ચાર્જ કરવામાં આવ્યું હતું.







### રાજકોટ-ભાવનગર હાઈવે પર અકસ્માત, કાર ફંગોળાતાં સરકારી અધિકારી સહિત બેનાં મોત

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૬ ।

રાજકોટ-ભાવનગર હાઈવે પરથી અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીને અકસ્માત નડ્યો હતો. અધિકારીની ગાડી ૪૦ ફૂટ ઊંચા પૂલથી ખાબકતા કારમાં બેઠલા અધિકારી અને ડ્રાઈવરનું ઘટનાસ્થળે મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, ગુરૂવારે રાજકોટ-ભાવનગર રોડ પર મહીકા નજીક માર્ગ અને મકાન વિભાગની કાર ૪૦ ફૂટ ઊંચેથી પૂલ નીચે ખાબકતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં અધિકારી તેમજ ડ્રાઈવર બંનેના મોત નિપજ્યા છે. અધિકારી ભાવનગર વિઝિટ માટે ગયા હતાં ત્યાંથી પરત ફરતા આ અકસ્માત સર્જાયો હતો. માર્ગ અને મકાન વિભાગના ટેક્નિકલ અધિકારી ગુરૂવારે ભાવનગરથી પરત ફરી રહ્યા હતા.'

### સુરતમાં કોંગી નેતાનો તાપી નદીમાં છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

રાજ્યમાં આપઘાતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને સમયાંતરે વિવિધ કારણોસર જીવન ટૂંકાવવાનાં બનાવો સામે આવી રહ્યાં છે. ત્યારે સુરતમાં વરિયાવ બ્રિજ પરથી તાપી નદીમાં કૂદીને કોંગ્રેસ નેતાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એક જાગૃત નાગરિકની મદદથી ફાયર વિભાગની ટીમ સમયસર ઘટના સ્થળે પહોંચી જતા તેનો જીવ બચી ગયો હતો.કોંગ્રેસ નેતા કેન્સરની બીમારીથી પીડાઈ રહ્યા હતામળતી માહિતી અનુસાર, સુરતમાં વરિયાવ બ્રિજ પર બુધવારે (પાંચમી જૂન) રાત્રે કોંગ્રેસ નેતા આંટા મારતા જોવા મળ્યા હતા. આ દરમિયાન એક વ્યક્તિએ તેનો વીડિયો ઉતાર્યો હતો અને ફાયર વિભાગને આ જાણ કરી હતી. નેતાએ નદીમાં કૂદવાની સાથે જ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને નેતાને પાણીમાંથી બહાર કાઢી લેવામાં આવ્યા હતા. ફાયર વિભાગે આ કોંગ્રેસના નેતાને પાણીમાંથી બહાર કાઢીને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા.

<u>બાળકોને મેડિકલ ચેકઅપ માટે મોકલવામાં આવ્યા</u>

## રાજકોટમાં ૧૯ બંગાળના બાળમજૂરોને મુક્ત કરાવાયા

**શહેરના બેડીચોક નજીક ગોપાલ રેસિડેન્સીની શેરી નંબર ૧ના એક મકાનમાંથી ૧૯ બાળમજૂરોને મુક્ત કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૬ ।

રાજકોટમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં ૨૦ જેટલા પશ્ચિમ બંગાળના બાળકોને ગોંધી રાખ્યા હોવાની બાતમી મળતાં પોલીસ અને SOGએ સાથે મળીને કાર્યવાહી હાથ ધરી હતી. બાતમીના આધારે SGO પોલીસ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમે સાથે મળી બાળકોને મુક્ત કરાવ્યા હતા. હાલ બાળકોને મેડિકલ ચેકઅપ માટે મોકલવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, રાજકોટ શહેર પોલીસને બાતમી મળી હતી કે, શહેરના બેડીચોક નજીક ગોપાલ રેસિડેન્સીની શેરી નંબર ૧ના એક મકાનમાંથી ૧૯ બાળમજૂરોને મુક્ત કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુરુવારે (૫ જૂન) રાત્રે કાર્યવાહી હાથ ધરી તમામ બાળકોને મુક્ત કરાવી તેમને મેડિકલ ચેકઅપ માટે મોકલવામાં આવ્યા છે. જેમાં તપાસ કરવામાં આવશે કે, બાળકો સાથે કોઈ બળજબરી કે શારીરિક હિંસા કરવામાં આવી છે કે કેમ? પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, બાળકોને ઈમિટેશનના કામ માટે રાખવામાં આવ્યા હતા.પ્રાથમિક તપાસમાં જાણ થઈ છે કે, આ તમામ બાળકો મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી છે અને ઈમિટેશનનું કામ કરાવવા માટે અહીં લાવવામાં આવ્યા હતા. કોન્ટ્રાક્ટર બાળકોને અલગ-અલગ સમયે



છેલ્લાં ૨ વર્ષથી રાજકોટ ગોંધી રાખ્યા હતા, તે આ તમામ બાળકો પાસે બાળમજૂરી કરાવતો હતો. જે ઘરમાંથી બાળકો મળી આવ્યા તેના માલિકનું નામ બાબુભાઈ બાળા હોવાનું સામે આવ્યું છે. જોકે, આ મામલે મકાન માલિકે ભાડાકરાર કર્યો છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. જો ભાડાકરાર કરવામાં નહીં આવ્યો હોય તો જાહેરનામાના ભંગનો પણ ગુનો દાખલ કરવામાં આવશે.નોંધનીય છે કે, પોલીસે બાળકોને મુક્ત કર્યા બાદ તપાસ કરી તો મોટાભાગના બાળકોના શરીર પર હાથ તેમજ પીઠના ભાગે નિશાન જોવા મળ્યા હતા, જેથી બાળકોને માર માર્યા હોવાની શંકા ઉદ્ભવી છે. પોલીસ હાલ આ મામલે વધુ તપાસ કરી રહી છે. ૨૦ જેટલા પશ્ચિમ બંગાળના બાળકોને ગોંધી રાખ્યા હોવાની બાતમી મળતાં પોલીસ અને SOGએ સાથે મળીને કાર્યવાહી હાથ ધરી હતી. બાતમીના આધારે SGO પોલીસ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમે સાથે મળી બાળકોને મુક્ત કરાવ્યા હતા.

### સુરતમાં ૨૫ વર્ષના યુવકે ૧૬ વર્ષીય તરૂણીને ઈન્સ્ટાગ્રામ પર પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષીય તરુણી સાથે યુવકે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક કર્યો હતો. ત્યારબાદ યુવકે તેની સાથે મિત્રતા કરીને સોસાયટીની બાજુની ખાડીના રસ્તા પર બોલાવી અવારનવાર શરીર સંબંધ બાંધીને તરૂણીને ગર્ભવતી બનાવી હતી. આ મામલે પોલીસે મૂળ ઉત્તર પ્રદેશના ૨૫ વર્ષીય યુવાન સામે દુષ્કર્મનો ગુનો નોંધી ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના પરિવારની ૧૬ વર્ષીય તરૂણીની તબીયત બગડતા તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં પ્રાથમિક સારવાર કરાવ્યા બાદ બીજા દિવસે તેને સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેને ચાર માસનો ગર્ભ હોવાનો ધટસ્ફોટ થયો હતો. પરિવારજનોએ તરૂણીને પૂછતાં તેણે જણાવ્યું હતું કે, તે હમવતની અને મહોક્ષામાં રહેતા ૨૫ વર્ષીય પંકજકુમાર સરોજ સાથે આઠ મહિના પહેલા ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવી હતી અને બંને મિત્ર બન્યા હતા. તેઓ ત્યાર બાદ ઈન્સ્ટાગ્રામ પર અને બાદમાં ફોનમાં વાત કરતા હતા. સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષીય તરુણી સાથે યુવકે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક કર્યો હતો.

### આણંદના ખંભાતમાં પુલની કામગીરી દરમિયાન સ્લેબ તૂટતાં બે શ્રમિક દટાયા

। પ્રતિનિધિ, આણંદ, તા.૬ ।

આણંદ નજીક એક મોટી દુર્ઘટના સર્જાઇ હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે. આણંદના ખંભાત નજીક પુલની કામગીરી દરમિયાન સ્લેબ તૂટ્યો પડ્યો છે. આ દુર્ઘટનામાં બે શ્રમિકો દટાયા હતા. જેમાં એક શ્રમિકનું મોત નીપજ્યું છે, જ્યારે એક શ્રમિકને બચાવી લેવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત શ્રમિકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે, જ્યારે મૃતક શ્રમિકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર આણંદના ખંભાત નજીક હાથિયા ખાડ વિસ્તારમાં પુલની કામગીરી દરમિયાન સ્લેબ તૂટી પડવાની દુર્ઘટના સર્જાઇ છે. સ્લેબ તૂટી પડવાની જાણ થતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. સ્લેબ તૂટી પડતાં બે શ્રમિકો દટાયા હતા. જેમાં એક શ્રમિકનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક શ્રમિકને બચાવી લેવાયો છે. અકસ્માતના પગલે સ્થાનિક તંત્રના અધિકારીઓ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પ્રાથમિક તબક્કે આ ઘટનામાં કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે આવી છે. કોઇપણ જાતની સેફ્ટીના સાધનો વિના પુલની કામગીરી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. સ્લેબના કાટમાળની નીચે દટાયેલા શ્રમિકને રેસ્ક્યૂ કરી બચાવી સારવાર અર્થે ખસેડાયો હતો, જ્યારે મૃતક શ્રમિકના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.

<u>પોલીસે અલગ અલગ ટિમો બનાવી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી</u>

## સુરતમાં સાડીના કારખાનામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ, જૂના કારીગર સહિત બે શખસો લૂંટ કરી ફરાર થયા

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

સુરતના પુણાગામ વિસ્તારમાં ફાયરિંગની ચકચારી ઘટના સામે આવી છે. ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીના માલિક સાથે માથાકૂટ થતાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી મોબાઈલની લૂંટ કરી જૂનો કારીગર અને તેની સાથે આવેલો એક શખસ ફરાર થઈ ગયા છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. આ મામલે પુણા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી પ્રમાણે સુરતના પુણા વિસ્તારમાં ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાં સાડીનું કારખામાં બુધવારે (પાંચમી જૂન) બપોરે દોઢેક વર્ષ પહેલા ખાતામાં કામ કરતો કારીગર દિલીપસિંહ બંદુક લઈને આવ્યો હતો. આ ઉપરાંત તેની




સાથે એક અજાણ્યો શખસ પણ હતો. આ બન્નેએ કારખાનાની ઓફિસના ઘૂસીને ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું.

બાદમાં કારખાનામાં કામ કરતા અન્ય કારીગરોને ભેગા કરી નીચે બેસાડીને ધમકાવ્યા હતા. ત્યારબાદ આ કારીગરોના મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા સહિત ૧૦,૦૦૦થી વધુની લૂંટ કરીને કારખાનામાં કામ કરતા કારીગરોને ધમકી આપતા કહ્યું હતું કે, 'વાપસ કામ કરને આયે તો જાન સે માર દેંગે'આ મામલે પીઆઈ વી.એમ.દેસાઈએ જણાવ્યું કે, 'સાડીનું કારખામાં ફાયરિંગ ઘટનાની ફરિયાદ લઈને સીસીટીવીના આધારે તથા તેનો ફોટો આઈડી અને મોબાઈલ નંબરના આધારે ત્રણ અલગ અલગ ટિમો બનાવી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે. આરોપી એકથી દોઢ વર્ષ પહેલાં ફરિયાદીના ખાતામાં કામ કરતો હતો. આરોપી ત્રણ કારીગરના મોબાઈલ અને રોકડાની લૂંટ કરી ફરાર થઈ ગયો હતો.'

સુરતના પુણાગામ વિસ્તારમાં ફાયરિંગની ચકચારી ઘટના સામે આવી છે. ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીના માલિક સાથે માથાકૂટ થતાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી મોબાઈલની લૂંટ કરી જૂનો કારીગર અને તેની સાથે આવેલો એક શખસ ફરાર થઈ ગયા છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. આ મામલે પુણા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે.

### આણંદ સોજીત્રા માર્ગ પર યુ-ટર્ન લેતાં બે બાઇક વચ્ચે અકસ્માત

। પ્રતિનિધિ, આણંદ, તા.૬ ।

આણંદ-સોજીત્રા માર્ગ પર વલાસણ ગામ નજીક ગુરૂવારે બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક યુવકનું મોત નીપજયું હતું. આ બનાવ અંગે વિદ્યાનગર પોલીસે અકસ્માત સર્જનારા બાઈક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સોજીત્રાના વિરોલ ગામના અક્ષયકુમાર જયેન્દ્રભાઈ પરમારના પીતરાઈ ભાઈ રોનકને વિદ્યાનગરની કોલેજમાં એડમિશન લેવાનું હોવાથી અક્ષય અને રોનક બંને પિતરાઈ ભાઈઓ બે અલગ અલગ બાઈક ઉપર નીકળ્યા હતા. બપોરે વિદ્યાનગરથી પરત ફરી રહ્યા હતા. ત્યારે વલાસલ રોડ ઉપર શિવમ સ્કૂલ નજીક આગળ જઈ રહેલા બાઈક ચાલકે પૂરઝડપે અચાનક યુ-ટર્ન લેતા અક્ષયનું બાઈક તેની સાથે અથડાયું હતું. જેમાં અક્ષય બાઈક ઉપરથી નીચે પટકાતા તેને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિકોએ જાણ કરતાં ૧૦૮ મારફતે અક્ષયને કરમસદની હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને તપાસીને મૃત જાહેર કાપી હતો. આ બનાવ અંગે વિદ્યાનગર પોલીસે તુષારકુમાર પરમારની ફરિયાદના આધારે અન્ય બાઈક ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓના ઘડતર માટે પ્રયોગો કરતા રહે છે

# સુરતની એક અનોખી સ્કુલ જ્યાં વાલીઓ અને શિક્ષકો ભેગા મળીને કરે છે શાળાની સાફસફાઇ

## શાળાના શિક્ષકો સ્ટાફ અને વાલીઓના આ પ્રયાસને કારણે સોમવારથી ઉઘડતી શાળાએ વિદ્યાર્થીઓને શાળા તદ્દન સ્વચ્છ મળશે તે નક્કી

। પ્રતિનિધિ, સુરત ,તા.૬ ।

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓના ઘડતર માટે પ્રયોગો કરતા રહે છે. હાલમાં વેકેશન પુરું થવા જઈ રહ્યું છે અને સોમવારથી શાળા શરું થાય છે ત્યારે વિદ્યાર્થીઓને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણમાં અભ્યાસ કરવા મળે તે માટે શાળાના શિક્ષકો-સ્ટાફ અને વાલીઓ દ્વારા સમુહમાં શાળાની સફાઈ કરવામા આવી છે. શાળાના શિક્ષકો સ્ટાફ અને વાલીઓના આ પ્રયાસને કારણે સોમવારથી ઉઘડતી શાળાએ વિદ્યાર્થીઓને શાળા તદન સ્વચ્છ મળશે તે નક્કી છે.



નબળા શિક્ષણના કારણે સતત વિવાદોમાં રહેતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કેટલીક સ્કૂલો ખાનગી સ્કૂલોને પણ ટક્કર મારી રહી છે. તેવી જ એક શાળા ઉત્રાણના મહારાજા કેમ્પસની છે આ શાળા વિદ્યાર્થીઓના ઘડતર માટે ઉત્તમ સાબિત થઈ રહી હોવાથી અહીં એડમિશન માટે પડાપડી થઇ રહી છે. જેનું કારણ આ કેમ્પસની શાળાના આચાર્ય-શિક્ષકો અને સ્ટાફ છે. ૨૦૧૭માં આ શાળા શરૂ થઈ ત્યારબાદ દરેક વેકેશન બાદ શાળા દ્વારા એક અનોખો પ્રયોગ શરૂ કરવામા આવ્યો છે તે છે શાળા શરુ થાય તે પહેલાં સફાઈ કરવાનો અનોખો પ્રયોગ. આમ તો શાળા શરું થાય ત્યારબાદ શિક્ષણ સમિતિ દ્વારા શાળાની સફાઈ કરાવે છે પરંતુ તેમાં અનેક વિવાદ અને ફરિયાદ થાય છે.

ઉત્રાણ મહારાજા કેમ્પસની સામુહિક સફાઈ અંગે આચાર્ય ચેતન હીરપરા કહે છે, ૨૦૧૭માં શાળા શરુ થઈ ત્યાર બાદ દિવાળી અને ઉનાળુ વેકેશન પુરું થવાનું હોય તેના થોડા દિવસ પહેલાં જ શાળાના તમામ ગુરુજનો, સ્ટાફ અને વાલીઓ ભેગા મળીને સફાઈ કરીએ છીએ. બે દિવસ પહેલા છત, પંખા અને દિવાલથી માંડીને ફર્સ તમામને ધોઈને સફાઈ કરવામા આવે છે. જેના કારણે સોમવારે શાળા શરૂ થાય તે પહેલાં વિદ્યાર્થીઓને સ્વચ્છ અને સુંદર વાતાવરણમાં અભ્યાસ કરવા મળે છે.

આચાર્ય વધુમાં કહે છે, અમે શાળાના ગ્રુપ માં સફાઈનો મેસેજ મુકીએ છીએ તો અનેક વાલીઓ સફાઈ માટે આવવા તૈયાર થઈ જાય છે. પરંતુ તે સંખ્યા વધુ હોય છે તેથી ૭૦ થી ૮૦ જેટલા વાલીઓ અને સ્ટાફ સાથે ગુરુજનો સફાઈમાં જોડાઈ છે. વર્ષમાં બે વખત સફાઈ કરવામા આવે છે અને અમારો હેતુ વિદ્યાર્થીઓ સ્વચ્છ અને સુંદર શાળામાં શિક્ષણ મેળવે તે છે.

બે દિવસથી ટેક્નિકલ કારણોસર સર્વર ડાઉન થઈ ગયું

# વડોદરામાં આરટીઓનું સર્વર બે દિવસથી બંધ, અનેક લોકોને ધક્કા : ૫૦થી વધુ અરજીઓ રદ

। પ્રતિનિધિ, વડોદરા,તા.૬ ।

વડોદરા આરટીઓમાં બે દિવસથી ટેક્નિકલ કારણોસર સર્વર ડાઉન થઈ ગયું છે. જેના કારણે અનેક લોકોને ધક્કો પડી રહ્યો છે. આજ રોજ પણ અરજદારોની તમામ અપોઈન્ટમેન્ટ રદ કરી દેવાઈ હતી. હાલ પણ આરટીઓની ડ્રાઈવિંગની કામગીરી બંધ છે.

ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક સોફ્ટવેર જી સ્વાન માધ્યમથી સારથી સોફ્ટવેર સાથે સંકલન સાંધી પ્રોસેસ કરતું હોય છે. ગતરોજ ટેકનિકલ કારણોસર બે વખત કામગીરી ખોરવાઈ હતી. દરમ્યાન આજેપણ સવારથી ડ્રાઈવિંગ ટેસ્ટની કામગીરી બંધ રહી છે. ગઈકાલે આરટીઓમાં ૫૦થી વધુ અરજદારોની અરજી રદ કરી દેવાઈ છે. આજે અંદાજે ટુ વ્હીલર ૧૮૦ અને ફોરવીલર ૧૨૦ મળી કુલ ૩૦૦ જેટલી અરજીઓને રીસીડ્યુલ કરાઈ હતી. અરજી રિ શિડયુલ થતા અરજદારોને મેસેજ થકી સમગ્ર બાબતની જાણકારી આપવામાં આવે છે. લોકો કામ-ધંધા બંધ રાખીને ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા માટે અને પાર્સિંગ સહિતની કામગીરી માટે જતા હોય છે. પરંતુ આરટીઓનું સર્વર ડાઉન થઈ જતા હાલાકી વેઠવાનો વખત આવે છે. આમ, અવાર નવાર આરટીઓનું સર્વર બંધ થાય છે પણ હજુ સુધી આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું નથી. વડોદરા ઉપરાંત ભરૂચ આરટીઓ ખાતે પણ આ સમસ્યા સર્જાઇ હોવાનું જાણવા મળ્યું છે.

# સુરતમાં ફરી ગજબ ઘટના, મંજૂરી વિના બનેલું ઓપરેશન સિંદૂર સર્કલ 'ગાયબ'

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

સુરત મહાનગરપાલિકાના એક વિવાદી પદાધિકારી અને સ્થાનિક કોર્પોરટેરના ભરોસે સુરત હજીરા રોડ પર ગેરકાયદે સર્કલ બનાવનારી સંસ્થા બરોબરની ભેરવાઈ છે. મેયરની સૂચના બાદ પાલિકાના કડક વલણના કારણે રાત્રિના અંધારામાં આખું સર્કલ સંસ્થાને દૂર કરવાની ફરજ પડી છે. આ સર્કલ દૂર કરાયા બાદ પાલિકાના પદાધિકારીના નામે વધુ એક વિવાદ જોડાઈ ગયો છે. સુરત-હજીરા રોડ પર પાલ હવેલી પાસે પાલિકાની કોઈ પણ જાતની મંજૂરી વિના યશ્વી ફાઉન્ડેશન દ્વારા ગેરકાયદે સર્કલ બનાવી દેવાયું હતું. આ પહેલાં દિવાળી અને નાતાલમાં પણ કોઈ પણ જાતની મંજૂરી વિના જ સર્કલ પર રોશની કરવા સાથે સંસ્થાની જાહેરાત કરવામાં આવી હતી. કોઈ પણ જાતની મંજૂરી વિના સર્કલ બનાવવાની હિંમત સંસ્થાને પાલિકાના એક વિવાદી પદાધિકારી અને સ્થાનિક કોર્પોરેટરના સપોર્ટના કારણે આવી હતી. સુરત મહાનગરપાલિકાના એક વિવાદી પદાધિકારી અને સ્થાનિક કોર્પોરટેરના ભરોસે સુરત હજીરા રોડ પર ગેરકાયદે સર્કલ બનાવનારી સંસ્થા બરોબરની ભેરવાઈ છે

# વડોદરાના માણેકપાર્ક સર્કલ પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૬ ।

વડોદરા શહેરના માણેક પાર્ક સર્કલ પાસેથી પીસીબી પોલીસે બે શખ્સોને રૂ.૭૪ હજારના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. મધ્યપ્રદેશથી દારૂનો જથ્થો લઈને આવ્યા હતા અને વારસિયા ખાતે રહેતા ગોલુ નામના બુટલેગરને આપવાનો હોવાની બંને આરોપીએ કબુલાત કરી હતી. જેથી એસીબીએ વિદેશી દારૂના જથ્થા સહિત ૯૦ હજારનો મુદામાલ કબજે કરીને હરણી પોલીસને સોંપી બુટલેગર ગોલુને વોન્ટેડ જાહેર કર્યો છે.વડોદરા શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં પીસીબીની ટીમ ફરી રહી હતી. તે દરમિયાન ફરતા ફરતા સ્ટાફના માણસો હરણી રોડ એરપોર્ટ ગેટ પાસે આવતા બાતમી મળી હતી કે માણેક પાર્ક સર્કલ વીટકોસ બસ સ્ટેન્ડ પાસે બે ઈસમો શંકાસ્પદ થેલા સાથે ઊભા છે અને તેમના થેલામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેથી પીસીબી પોલીસની ટીમે બાતમી મુજબના સ્થળ પર જઈને સાથે ઉભેલા બંને શખ્સને ઝડપી પાડ્યા હતા. વેદ અનિલ કપડે (રહે. મારૂ ફળીયુ, શિયારામ કોમ્પ લેક્ષ, ચોથા માળે ચોખંડી વાડી અને વિપુલ દિનેશ લીમ્બાચીયા (રહે, અંજલી સોસાયટી, પારસ સોસાયટીની બાજુમા વારસીયા વડોદરા) પાસે થેલો બોલાવીને તેમાં તપાસ કરતા રૂ.૭૪ હજારનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પીસીબી એ વિદેશી દારૂ અને બે મોબાઈલ રૂ.૧૫ હજાર મળી ૯૦ હજારનો મુદામાલ કબજે કરીને પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. ઝડપાયેલા બંને શખ્સોની પર જ પોલીસે કરતા તેઓએ એમપ ીના મેઘનગર ખાતે ઠેકા ઉપરથી લઈને આવ્યા હતા અને વારસીયા ખાતે રહેતા ગોલુને આપવાનો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ દ્વારા બુટલેગર ગોલુને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવાના ઝઘડો ગતિમાન કર્યા છે.






## તંત્રી લેખ...

# મોંઘવારી હજુ વધુ

દેશમાં મોંઘવારીના કારણે લોકો ખુબ ત્રસ્ત થયેલા છે. સામાન્ય લોકોની તકલીફ મોંઘવારીને લઈને રહેલી છે. આના કારણે લોકોના બજેટ ખોરવાઈ ગયા છે. સારી આવક ધરાવતા લોકો પણ પરેશાન છે. જેથી ગરીબ અને મધ્યમ વર્ગની હાલત કેવી છે તે સમજી શકાય છે. છેલ્લા આઠ વર્ષથી નક્કર પરિણામોની રાહ જોઈ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઈ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઈ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઈ પગલા જાહેર થઈ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઈ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઈચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઈને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ન પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સૈનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઈ સરકાર આપવા માંગતી નથી. તમામ ઈચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઈ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઈ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઈન્તજાર છે. નહેરુથી લઈને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે. પરંતુ આ દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી. વચન આપવામાં આવ્યા હોવા છતાં પણ છેલ્લા ૬૮ વર્ષમાં બેરોજગારી પણ દુર થઈ નથી અને મોંઘવારી પણ દુર થઈ નથી.

## થોડું હટકે...

# હવે ઇન્સુલિનની ગોળી બની રહી છે

દુનિયાભરમાં આશરે ચાર કરોડ લોકો ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દી છે. આ તમામ દર્દી પૈકી મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઈન્સુલિનના ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પોતાના બ્લડ શુગર લેવલને નિયંત્રિત રાખવા માટે આવા દર્દીને ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પરંતુ હવે વૈજ્ઞાનિક ઈન્સુલિનની ગોળીઓ વિકસિત કરી રહ્યા છે. જેના કારણે ડાયાબિટીસના દર્દીને ઈન્ડેક્શનની પિડાથી રાહત મળી શકશે. ગોળી અને ઈન્જેક્શન વચ્ચે પસંદગી કરવાના વિકલ્પ મળવાની સ્થિતીમાં મોટા ભાગના દર્દી ગોળીને જ પસંદ કરશે તે બાબત તો નક્કી છે. હકીકતમાં હાર્વર્ડ જોન એ પોલસન સ્કુલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ અપ્લાઈડ સાયન્સના શોધ કરનાર લોકોએ કહ્યુ છે કે શરીરમાં ઈન્સુલિનની સપાટી જાળવી રાખવા માટે એક ઓરલ મેથડ વિકસિત કરવામાં આવી છે. જેના મારફતે ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સુલિનના ઈન્જેકશન લેવાની જરૂર પડશે નહી. નિષ્ણાંતોએ કહ્યુ છે કે કેટલાક લોકો તો પિડાથી બચવા માટે ઈન્જેક્શનના ડરથી ઈન્સુલિન લઈ શકતા નથી. પરિણામ એ થાય છે કે શરીરમાં ગ્લાઈસેમિક નિયંત્રણ ખરાબ થઈ જાય છે. જેના કારણે આરોગ્ય સાથે સંબંધિત ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ટાઈપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઈન્જેક્શન અથવા તો સોઈ મારઉતે ઈન્સુલિન આપવામાં આવે છે. કારણ કે આ દર્દીઓના શરીરમાં ઈન્સુલિનનુ નિર્માણ થઈ શકતુ નથી. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

# સેનેટાઇજર નથી તો ચિંતાની વાત નથી

કોરોના પર હવે બ્રેકની સ્થિતી આવી ગઈ છે. પરંતુ કોરોનાના કારણે ઘણા બોધપાઠ લેવાની જરૂર છે. કોઈ પણ વાયરસના હુમલાના કેસમાં સાવધી રાખવા માટે કેટલાક ઉપાય ઘરમાં કરી શકાય છે. ઘરમાં સેનેટાઈઝર નથી તો પરેશાન થવાની બિલકુલ જરૂર નથી. અડધી બાલ્ટીમાં ગરમ પાણી કરી લેવાની જરૂર હોય છે અને તેમાં નમક અથવા તો મિઠાની ચાર ચમચી નાંખીને મિક્સ કરી દેવાની જરૂર હોય છે. આ પ્રકારના પાણીથી હાથ, પગ, મો અને નાકના અંદરના હિસ્સાને વારંવાર સાફ ધોવાથી ફાયદો થાય છે. જો આવુ કરવામાં આવે તો કોઈ વાયરસની અસર થશે નહીં. જે લોકોને શરદી અને ઉધરસની તકલીફ છે તે લોકોને પણ સાવધાની રાખવાની જરૂર હોય છે. આના પ્રયોગ કરવાથી આરામ મળે છે. જે લોકોના ગળમાં ખરાશ રહે છે તે લોકો પણ આ પ્રયોગ કરે તો તેમને ફાયદો થાય છે. ગળામાં ખરાશ છે અને ઈન્ફેક્શનની અસર છે તો ગરમ પાણીમાં મીઠુ મિક્સ કરીને તેમાં હલ્દર નાંખીને પીવાથી ફાયદો થાય છે. દાંતોની સમસ્યામા પણ ફાયદો થાય છે. સરસોના તેલમાં કોઈ પણ વાયરસ જીવિત રહી શકે તેમ નથી. તેના તેલમાં એક ચપટી હલ્દર મિલાવીને નાક કાનમાં લગાવવાથી ફાયદો થાય છે. બીજી બાજુ હાલમાં રોગ પ્રતિકારક ક્ષમતા મજબુત રાખવામાં આવે તે જરૂરી છે. ફેફસાની મજબુતી માટે કસરતની સાથે સાથે હેલ્થી ડાઈટ પણ જરૂરી રહે છે. નિયમિત હેલ્થી ડાઈટ લેવાથી શરીરના સેલ્સ સ્વસ્થ રહે છે. ફેફસાના ઈન્ફેક્શનથી બચવા માટે કેટલાક તરીકે રહેલા છે. જે પૈકી એક તરીકો વિટામિન અને પ્રોટીન રીચ ડાઈટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હાલમાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે ફેંફસાની મજબુતી માટે કસરત કરવાની જરૂર રહે છે. સામાન્ય અને શાકાહારી ભોજન ફેફસા માટે ઉપયોગી રહે છે. તેમાં વિટામીન, એન્ટી ઓક્સીડેન્ટ ભરપુર માત્રામાં રહે છે. જેના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે.



**લાંબા ગાળે પૃથ્વી પર વિનાશનુ તાંડવ તો ચોક્કસ થશે કારણ કે...**

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઇ જવાની જરૂર છે આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ**

# સુરક્ષાના નામ પર વિનાશને આમંત્રણ

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષથી સાબિતી મળી રહી છે : વિશ્વના દેશો વચ્ચે સ્પર્ધા વચ્ચે ઘણી બેદરકારી રાખી રહ્યા છે જે જોખમી**

વિશ્વના દેશોમાં સુરક્ષા અને વિકાસના નામ પર હથિયારોને લઈને ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે આની સાથે જ પૃથ્વી પર કયામતનુ કાઉન્ટ ડાઉન પણ ચાલી રહ્યુ છે. આ વાત કોઈ અન્ય સામાન્ય લોકો નહી બલ્કે વિશ્વના ટોચના વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ કબુલી ચુક્યા છે.

સ્ટીફન હોકિંગે થોડાક સમય પહેલા આ અંગેની વાત કરીને તમામને સાવધાન કરવાના પ્રયાસ કર્યા હતા. ગ્લોબલ વોર્મિંગ, જેનેટિકલી એન્જિનિયર્ડ વાયરસ અને ન્યુક્લિયર વોરના કારણે પૃથ્વીના અસ્તિત્વ સામે સંકટ ઉભુ થઈ ગયુ છે તેવા સંકેત તેમણે આપ્યા હતા. વિજ્ઞાનની હાલમા ંજે રીતે પ્રગતિ થઈ રહી છે તેના કારણે ખતરા વધી રહ્યા છે. વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ. ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઈ જવાની જરૂર છે. આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે. વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ. સુરક્ષાની ચિંતામાં અમે અમારા વિનાશના જ સામાન ભેગા કરી રહ્યા છીએ. જેથી એક વાત તો નક્કી છે કે આગામી ૧૦૦ અથવા તો એક હજાર વર્ષમાં પૃથ્વી પર વિનાશનુ તાંડવ થશે જ. હોલિવુડની ફિલ્મોમાં જ નહી અસલની લાઈફમાં પણ જેનેચિકલી એન્જિનિયર્ડ વાયરસના પ્રકોપને અમે જોઈ ચુક્યા છીએ.



ઈબોલા વાયરસના કારણે અમે આફ્રિકામાં મોતના તાંડવને નિહાળી ચુક્યા છીએ.

વર્ષ ૨૦૧૪-૧૫માં ઈબોલા વાયરસના ફેલાવાના કારણે ભારે મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. ભારે જહેમત ઉઠાવ્યા બાદ તેને અંતે મહા બિમારી બની જવાથી રોકવામાં સફળતા મળી હતી. છતાં હજારો લોકોને જાન ગુમાવી દેવાની ફરજ પડી હતી. જેનેટિકલી રીતે એન્જિનિયર્ડ વાયરસ આના કરતા પણ વધારે તબાહી મચાવી શકે છે. કેટલાક દેશો પોતાની સુરક્ષાના નામે એવા જૈવિક હથિયારો જમા કરી રહ્યા છે જેમાં આ પ્રકારના ઘાતક વાયરસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આનો ઉપયોગ તબાહી સર્જી શકે છે. અમે દરરોજ સામાન્ય રીતે કોઈને કોઈ નવા પડકારોનો સામનો કરી રહ્યા છીએ. કેટલાક ગેસ લીક થવાના બનાવો અમે જોઈ ચુક્યા છીએ. નવા નવા વાયરસ અંગે વાંચી પણ રહ્યા છીએ. હાલમાં સ્કીન કેન્સરની સારવાર માટે ટી-વેક થેરાપીની શોધ કરવામાં સફળતા મળી છે. તેના મુજબ શરીરની પ્રતિરોધક ક્ષમતાને જ વિકસિત કરીને કેન્સરની સામે લડી શકાય છે. પરંતુ હોકિન્સ આ મામલે અમને સાવધાન કરે છે. તેમના કહેવા મુજબ આમા ખુબ જોખમ છે. કારણ કે જીનને મોડીફાય કરવા ઓડે આવનાર સંજોગોને લઈને વધારે વૈજ્ઞાનિક શોધ થઈ નથી.

શંકા છે કે આવા વાયરસનો તોડ કોઈ એન્ટી બાયોટિકની પાસે જ ન હોય. સ્ટીફન હોકિન્સે વર્ષ ૨૦૦૭માં લિયોનાર્ડો ડિ કેપ્રિયોની દસ્તાવેજી ફિલ્મમાં ચિંતા વ્યક્ત કરતા કહ્યુ હતુ કે અમે જાણતા નથી કે ગ્લોબલ વોર્મિંગની સ્થિતી ક્યારેય ખતમ થશે તેમને કહ્યુ છે કે જો સમય રહેતા કોઈ સુધારાના પગલા લેવામાં નહી આવે તો એ દિવસ દુર નથી જ્યારે ધરતી શુક્રની જેમ બની જશે. જ્યા તાપમાન ૨૫૦ ડિગ્રી થઈ જાય છે અને એસિડનો વરસાદ થાય છે. સંકેત બિલકુલ સ્પષ્ટ છે કે ઔદ્યોગિક ક્રાન્તિ બાદ ધરતીનુ સરેરાશ તાપમાન ૦.૮ ડિગ્રી સુધી વધી ગયુ છે. અમે વિકાસ માટે કોલસા અને પેટ્રોલિયમનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છીએ.

આના કારણે કાર્બન ડાઈ ઓક્સાઈડ અને ગ્રીન પ્રભાવ અસર કરનાર કેટલીક ગેસો જન્મ લેશે. વિશ્વના જુદા જુદા ભાગોમાં ગ્લોબલ વોર્મિંગની અસર દેખાવવા લાગી ગઈ છે. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે માનવીય દરમિયાનગીરીના કારણે અનનીનોની અસર પણ જોવા મળી શકે છે. તેનો સીધો સંબંધ ગ્લોબલ વોર્મિંગથી છે.હવે વધુ સાવધાની જરૂરી છે. ગ્લોબલ વોર્મિંગ જટિલ સમસ્યા અને એક પડકાર તરીકે છે. ગ્લોબલ વોર્મિંગ મામલે ભારત પણ વિશ્વના દેશો સાથે ગંભીર છે. વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ તમામ સામાન્ય લોકોને વધારે જાગૃત થવાની જરૂરીયાત દેખાઈ રહી છે.



**લાલચી સ્કીમોમાં ફસાઇને રોકાણકારો પરસેવાની કમાણી ગુમાવે છે**

**બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે**

# રોકાણકારો રોજ લાખો ગુમાવે છે

**દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું સ્વપ્ન જોનાર ભારત જેવા દેશ માટે રોકાણકારોના હિતમાં નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે**

ભારતની ગણતરી દુનિયાના એવા દેશોમાં થાય છે જ્યાં મૂડીરોકાણકારોના હિત પ્રત્યે વધારે ગંભીરતા નજરે પડતી નથી. અહિં વારંવાર એક પછી એક કૌભાંડો આવતા રહે છે. ક્યારે શારદા કૌભાંડ સપાટી પર આવે છે તો ક્યારે સહારા કૌભાંડ સપાટી પર આવે છે. દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટેનું સ્વપ્ન નિહાળનાર દેશ માટે આ કોઈ શુભ સંકેત નથી અથવા તો લક્ષ્યાંક પણ નથી.

એક ઝડપથી વધતી અર્થવ્યવસ્થા માટે મૂડીરોકાણકારોના હિતોને પ્રાથમિકતા આપવાની બાબત કેમ જરૂરી છે. તેના માટે કયા પગલા લેવા જોઈએ. તેને લઈને જ અમે આજે આ વિષય પર ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. મૂડીરોકાણકારોના હિતને લઈને અસરકારક નીતિની સાથે સાથે છેતરપિંડી આચરનાર લોકો સામે સાવધાન રહેવામાં આવે તે પણ જરૂરી છે. ઘણા રોકાણકારો દરરોજ પોજી સ્કીમ અથવા તો આકર્ષક યોજનાઓના સકંજામાં આવીને પોતાની સંપત્તિ ગુમાવી બેસે છે. આવી સ્થિતિથી મૂડીરોકાણકારો સાવધાન રહે તે જરૂરી છેમૂડીરોકાણના માધ્યમથી આવક ઉભી કરવાની ઈચ્છા દરેક વ્યક્તિની હોય છે. આ મૂડીરોકાણ ઘણા પ્રકારના હોઈ શકે છે. જેમાં બેંકમાં જમા, બીન બેન્કીંગ કંપનીઓમાં ફિક્સ ડિપોઝિટ, સામૂહિક



મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ તથા ચીટ ફંડનો સમાવેશ થાય છે. બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે. જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે જ્યારે ચીટ ફંડને કંપની લો બોર્ડના માધ્યમથી રાજ્ય મેનેજ કરે છે પણ મુશ્કેલી એ છે કે આ તમામમાં ખૂબ ઓછા અંતરની સ્થિતિ રહે છે. આ અંતર એટલું ઓછું હોય છે કે સામાન્ય વ્યક્તિ તો ભ્રમમાં અને દુવિધામા મૂકાય જ છે સાથે સાથે પોતે નિયામક સંસ્થાઓ પણ કહી શકે છે કે આ સંસ્થાઓ અમારી હદમાં આવતી નથી.

આ બીજા નિયામકનો મામલો છે. આ ભ્રમ અને અવ્યવસ્થાના લીધે અનેક મૂડીરોકાણની ગતિવિધિને વધુ મજબુતી સાથે આગળ વધાવાની તક મળે છે જે કોઈ પણ રજિસ્ટર્ડ સંસ્થા નથી અને ગેરકાયદેરીતે મૂડીરોકાણની પ્રવૃત્તિ ચલાવે છે.એમ માની લેવા માટેનું કોઈ કારણ નથી કે કોઈ એક મૂડીરોકાણ શ્રેષ્ઠ છે અને બીજા મૂડીરોકાણમાં ખરાબી રહેલી છે. દરેક મૂડીરોકાણમાં કોઈને કોઈ વિશેષતા ગ્રાહકો માટે રહે છે. સાથે સાથે કેટલીક શરતો પણ ઘેરાયેલી હોય છે. કયામાં રોકાણની બાબત સારી છે અને કયામાં રોકાણથી નુકસાન છે. આ બાબત નક્કી કરવાની જવાબદારી મૂડીરોકાણકારોની હોય છે. ઘણી બધી રોકાણની યોજનાઓ હોવાથી મૂડીરોકાણકાર માટે આ બાબતની જાણકારી મેળવવી અશક્ય બની જાય છે કે તે જે મૂડીરોકાણના માધ્યમથી રોકાણ કરે છે તે સંપૂર્ણપણે સુરક્ષિત છે કે કેમ આ કામ રેગ્યુલેટર અથવા તો નિયામક સંસ્થાઓનુ રહે છે. શારદા જેવી પોંજી સ્કીમો અથવા તો ફ્રોડ કંપનીઓ સપાટી પર ન આવે તે જોવાનું કામ રેગ્યુલેટરનું હોય છે. દાખલા તરીકે ચીટ ફંડ યોજનાને સામાન્યરીતે ફ્રોડ મૂડીરોકાણ સમજવામાં આવે છે. પણ વાસ્તવિકતા એ છે કે કેરળ અને તમિળનાડુ જેવા રાજ્યોમાં આ યોજના સફળતાથી ચાલી રહી છે.

આના અંકુશ માટે એક કાયદો બનાવવામાં આવ્યો છે. થોડાક સમય પહેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે તમિળનાડુની ચીટ કંપનીઓની પાસે ત્યાંની બેંકો કરતા પણ વધારે નાણાં છે. આ બાબત એટલા માટે શક્ય બની કે આ રાજ્યમાં ચીટ કંપનીઓ માટે નિયમો ઘણા સારા રાખવામાં આવ્યા છે.

જો કોઈ ચીટ ફંડ કંપની કાયદાની હદમાં રહીને કામ કરે તો તેને પોતાના પૈસાને માત્ર ચાર સ્થાનોમાં ખર્ચ કરવની મંજૂરી મળે છે. પ્રથમ ચીટ ફંડ ચલાવવા માટે જ્યારે બીજું ચીટ ફંડ કંપનીઓના સભ્યોને ઉછીના નાણાં આપવા. ત્રીજું સ્વીકૃત બોન્ડ અને અન્ય રોકાણમાં રોકાણ કરવા અને ચોથુ બેંકમાં જમા કરવાની મંજુરી મળે છે. ચીટફંડ કંપનીઓ પોતાના પૈસાનો ખર્ચ કાયદાની દૃષ્ટિએ કરી શકવાની સ્થિતિમાં હોતી નથી. પૂર્વ કેન્દ્રિય નાણાં અનેગૃહ પ્રધાન ચિદમ્બરમના પત્નિ નલિનીની હવે પુછપરછ કરવામાં આવનાર છે. તેમાંથી પણ કેટલીક વિગત સપાટી પર આવી શકે છે.



**ચીનને તેની ભાષામાં જ જવાબ આપવાની જરૂર ઉભી થઇ છે...**

**ભારત એક શાંતિપ્રિય દેશ છે, ચીન આર્થિક અને રણનિતી સાથે સંબંધિત પ્રભાવ વધારીને આગળ વધવા માટે ઇચ્છુક છે તે સરહદી વિવાદને લઇને વારંવાર જટિલ સ્થિતી સર્જે છે તે ભારતના નેપાળ જેવા મિત્ર દેશ પર પ્રભાવ વધારીને માનસિક ભય સર્જવાના પ્રયાસ કરે છે**

# ચીનની ચાલાકી : ગુપ્ત રીતે નિર્માણ કામ

**ચીનની ચાલના મુલ્યાંકન બાદ જ પોતાના મોહરાનો ઉપયોગ કરવાની જરૂર : બાજી હમેંશા હાથમાં રાખવા માટે સાવધાની ખુબ જરૂરી છે**

ચીનની ચાલાકી વધી રહી છે. અરૂણાચલપ્રદેશમાં માર્ગ નિર્માણના બહાને ચીની સૈનિકોની ઘુસણખોરી રોજની વાત થઈ ગઈ છે.હાલમાં જ તુતિંગ અને કિવિથમાં ચીની સૈનિકોની ઘુસણખોરી થઈ હતી. સાથે સાથે ત્યાં ભારતીય જવાનોની પેટ્રોલિંગની પ્રક્રિયાની સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે. સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઈને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે. આના માટે ઈતિહાસના પાના ઉથેલવા જોઈએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે. ચીન આને દક્ષિણ તિબેટના હિસ્સા તરીકે ગણે છે. સાથે સાથે જીદ્દી વલણ ધરાવે છે. બીજી બાજુ પ્રાચીનકાળથી જ આ હિસ્સો ભારતનો છે. રામાયણ, વૈદિક કાળ અને મહાભારતના સમયથી જ તેના ભારતમાં હોવાના પુરાવા મળ્યા છે. અમને સમજી લેવાની જરૂર છે



કે ચીન ખુબ વિચારીને રણનિતી પર આગળ વધનાર દેશ છે. તે પોતાની આર્થિક પ્રગતિમાં કોઈ અડચણ ઈચ્છતુ નથી. તેની નીતિ તેના હરિફોને કોઈ પણ રીતે પરેશાન કરવાની રહી છે. પડોશી દેશોના નાગરિકોમાં અવિશ્વાસની ભાવના ઉભી કરવાનો તેનો હેતુ રહ્યો છે. ભારતને ભ્રમમાં મુકીને આગળ વધવા માંગે છે. ચીનની ચાલાકીનો હવે યોગ્ય જવાબ આપવાનો સમય છે. જે રીતે ચેસના ખેલાડી દરેક ચાલનો જવાબ વિચારીને આપે છે તે રીતે ચીનની ચાલનો જવાબ આપવાની જરૂર છે. સરહદ પર ટેન્શનની ચીની ચાલને કોઈ પણ કિંમતે હળવાશથી લઈ શકાય નહી. અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વારંવાર ચીની ઘુસણખોરીના સમાચાર આવતા રહે છે. અરૂણાચલપ્રદેશ અને સિક્કિમને લઈને તેની નીતિ પણ હમેંશા પ્રશ્નો ઉભા કરે છે. ચીનની ઘુસણખોરીને હળવાશથી લેવાની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. ચીનની દુસાહસની પ્રવૃતિ માત્ર દક્ષિણ ચીન દરિયા સુધી જ મર્યાદિત નથી. તે સમગ્ર દક્ષિણ એશિયામાં આને અજમાવવા માટે ઈચ્છુક છે. ડ્રેગન ભારતને સરહદી વિવાદ મામલે બેકફુટ પર લઈ જવા માટે પ્રયાસ કરે છે.

ભારતીય સરહદમાં ક્યારેય લડાખમાં તો ક્યારેય અરૂણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરતા રહે છે. હવે તેમની દરમિયાનીગીરી ઉત્તરાખંડ સુધી પહોંચીગઈ છે. આ બાબત અમારા માટે ચોક્કસપણે ચિંતાજનક છે. ચોક્કસપણે આ ઘુસણખોરી પાછળ ચીનની પહેલા જ વિચારવામાં આવેલી રણનિતી રહેલી છે. તેમાં ઉંડાણમાં જવામાં આવે તો જાણી શકાય છે કે કેટલાક પાસા તેમાં રહેલાછે. ભારતને દક્ષિણ એશિયામાં કઈ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેના પ્રયાસમાં ચીન રહે છે.

આના કારણે જ તે સરહદી વિવાદ મામલે ભારતને હેરાન કરવાના પ્રયાસ કરે છે. તે ભારતમાં સરહદી વિસ્તારમાં ઘુસણખોરી કરીને ભારતને મંત્રણા ટેબલ પર લાવવા માટે ઈચ્છુક રહે છે. આ વખતે ચીન દક્ષિણ એશિયામાં વેપાર અને રોકાણમાટે પ્રવેશ ઈચ્છે છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન કોરિડદોરની જેમ જ તે કેટલીક સુચિત યોજના ધરાવે છે. તે સંપૂર્ણ દક્ષિણ એશિયામાં પોતાના ભૌગોલિક જોડાણ જેમ તેમ વધારીને આગળ વધવાના પ્રયાસમાં રહે છે. ભારત તેની આ રણનિતીથી નારાજ છે. બીજો મોટો મુદ્દો એ છે કે ચીન નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંપર્કમાં રહીને તેમના ટેકાથી સાર્કના સભ્ય બનવાની નિતી પણ અપનાવી રહ્યુ છે. આના કારણે તેની ક્ષેત્રીય દરમિયાનગીરી વધારે વધી જશે. તે હાલના સમયમાં પોતાની સાથે નાના દેશોને લઈ



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# અમરનાથ યાત્રામાં સુરક્ષા એવી છે કે એક પક્ષી પણ તમને મારી શકશે નહીં

। શ્રીનગર, તા.૬ ।

અમરનાથ યાત્રા ૨૦૨૫ માટે સરકારની તૈયારીઓ ઉચ્ચ સ્તરે છે. તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો, જેમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આવી સ્થિતિમાં, કેન્દ્ર સરકાર યાત્રાળુઓની સુરક્ષા અંગે કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતી નથી. સુરક્ષા એટલી કડક રહેશે કે એક પક્ષી પણ ઉડી શકશે નહીં. અમરનાથ યાત્રા દરમિયાન સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળની કુલ ૫૮૧ કંપનીઓ તૈનાત કરવામાં આવશે.

સુરક્ષા એજન્સીઓએ ૩ જુલાઈથી ૯ ઓગસ્ટ દરમિયાન યોજાનારી આ અમરનાથ યાત્રા માટે વિગતવાર અને હાઈટેક સુરક્ષા યોજના તૈયાર કરી છે.સીઆરપીએફ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વખતે યાત્રાનો સમયગાળો ઘટાડીને ૩૮ દિવસ કરવામાં આવ્યો છે, જે ગયા વર્ષે ૫૨ દિવસ હતો. આને ધ્યાનમાં રાખીને, સુરક્ષા તૈયારીઓ વધુ મજબૂત બનાવવામાં આવી છે. આ વખતે યાત્રા દરમિયાન સુરક્ષા દળોની કુલ ૫૮૧ કંપનીઓ ફરજ પર રહેશે.સીઆરપીએફ જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સેનાના સંયુક્ત આયોજન હેઠળ, તમામ રૂટનું સુરક્ષા ઓડિટ કરવામાં આવ્યું છે. ડિજિટલ મેપિંગ દ્વારા મુસાફરોની અવરજવર પર નજર રાખવામાં આવશે. આ વખતે દરેક મુસાફર અને પોની રાઈડરનું ડિજિટલ ઓળખ કાર્ડ પણ બનાવવામાં આવશે, જેથી દરેક વ્યક્તિની ઓળખ સુનિશ્ચિત કરી શકાય.

મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં બનેલા વિશ્વના સૌથી ઊંચા રેલ્વે પુલ 'ચેનાબ બ્રિજ'ને દેશને સમર્પિત કર્યો

# જ્યારે પણ પાકિસ્તાન ઓપરેશન સિંદૂરનું નામ લેશે ત્યારે તે શરમજનક હાર યાદ રાખશે : નરેન્દ્ર મોદી

**પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે પાકિસ્તાનનું ષડયંત્ર કાશ્મીરનો નાશ કરવાનું હતું, પાકિસ્તાને કાશ્મીરની ઘણી પેઢીઓને બરબાદ કરી દીધી છે, કાશ્મીરે આતંકવાદને તેના ભાગ્ય તરીકે સ્વીકારી લીધો હતો**

। શ્રીનગર, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ અને કાશ્મીરમાં ચેનાબ પુલનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન તેમણે હવામાં ત્રિરંગો પણ લહેરાવ્યો. ચિનાબ બ્રિજના ઉદ્ઘાટન પછી, પીએમ મોદીએ કટરામાં એક જાહેર સભાને સંબોધિત કરી. આ દરમિયાન પીએમ મોદીએ ફરી એકવાર પાકિસ્તાન પર નિશાન સાધ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે પાકિસ્તાન માનવતા અને ગરીબોની આજીવિકાની વિરુદ્ધ છે. પાકિસ્તાને કાશ્મીરના આદિલને પણ મારી નાખ્યા છે.



પીએમ મોદીએ કહ્યું કે પાકિસ્તાનનું ષડયંત્ર કાશ્મીરનો નાશ કરવાનું હતું. પાકિસ્તાને કાશ્મીરની ઘણી પેઢીઓને બરબાદ કરી દીધી છે. કાશ્મીરે આતંકવાદને તેના ભાગ્ય તરીકે સ્વીકારી લીધો હતો. હવે અહીં પરિસ્થિતિ બદલાઈ રહી છે.

પીએમ મોદીએ કહ્યું કે પહેલગામમાં માનવતા અને કાશ્મીરીયત પર હુમલો થયો છે. પાકિસ્તાન પર્યટનની વિરુદ્ધ છે. આ સાથે, પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પણ પાકિસ્તાન ઓપરેશન સિંદૂરનું નામ લેશે, ત્યારે તે તેની પીડાદાયક હાર યાદ રાખશે.

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે ૬ મેની રાત્રે આતંકવાદીઓ પર પ્રારબ્ધ પડ્યો. ગભરાયેલા પાકિસ્તાને કાશ્મીરના સામાન્ય લોકો પર હુમલો કર્યો. તેમણે કાશ્મીરના ગુરુદ્વારા અને મસ્જિદ પર પણ હુમલો કર્યો.પીએમ મોદીએ કહ્યું કે આજે ભારતની એકતા અને ઈચ્છાશક્તિનો મહાન અનુભવ છે. આ ભારતની નવી તાકાતની ઘોષણા છે. ઉપરાંત, પીએમ મોદીએ કહ્યું કે ચેનાબ બ્રિજના ઉદ્ઘાટન સાથે જમ્મુ અને કાશ્મીરના લાખો લોકોનું સ્વપ્ન સાકાર થયું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટરાથી કહ્યું, 'ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લાઈન પ્રોજેક્ટ ફક્ત એક નામ નથી, તે જમ્મુ અને કાશ્મીરની નવી તાકાતની ઓળખ છે. આ ભારતની નવી શક્તિની ઘોષણા છે. થોડા સમય પહેલા મને ચેનાબ અને અંજી બ્રિજનું ઉદ્ઘાટન કરવાની તક મળી. આજે જમ્મુ અને કાશ્મીરને બે નવી વંદે ભારત ટ્રેન મળી છે. ૪૬ હજાર કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ્સ જમ્મુ અને કાશ્મીરના વિકાસને વેગ આપશે.'પીએમ મોદીએ કહ્યું, 'આજનો કાર્યક્રમ ભારતની એકતા અને ઈચ્છાશક્તિનો મહાન ઉજવણી છે. માતા વૈષ્ણોદેવીના આશીર્વાદથી, આજે કાશ્મીર ખીણ ભારતના રેલ નેટવર્ક સાથે જોડાયેલી છે. માતા ભારતીનું વર્ણન કરતી વખતે, આપણે શ્રદ્ધાપૂર્વક કહીએ છીએ કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી રેલ નેટવર્ક છે.

## નીટ પીજીની પરીક્ષા ૩ ઓગસ્ટે યોજાશે, સુપ્રીમ કોર્ટે એનબીઇને મંજૂરી આપી

। નવીદિલ્હી, તા.૬ ।

સુપ્રીમ કોર્ટે ૩ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ નીટ પીજી (અનુસ્નાતક) પરીક્ષા યોજવાની મંજૂરી આપી છે. કોર્ટે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ (એનબીઈ) ને આપેલી અગાઉની સમયમર્યાદા લંબાવી છે. આ પરીક્ષા અગાઉ આ વર્ષે ૧૫ જૂને યોજાવાની હતી. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે આ સંદર્ભમાં એનબીઈ ને હવે કોઈ સમયમર્યાદા આપવામાં આવશે નહીં.૩૦ મેના રોજ, સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે નીટ પીજી પરીક્ષા ફક્ત એક જ શિફ્ટમાં લેવામાં આવે. આ પછી, બીએનઈએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી જેમાં પરીક્ષાને પછીની તારીખે ફરીથી શેડ્યૂલ કરવા માટે સમય વધારવાની માંગ કરવામાં આવી હતી, કારણ કે સિંગલ-શિફ્ટ આદેશનું પાલન કરવા માટે નવી વ્યવસ્થા કરવી પડશે.બીએનઈએ નવી તારીખ (૩ ઓગસ્ટ) ના રોજ એક જ શિફ્ટમાં પરીક્ષા યોજવા માટે મંજૂરી માટે કોર્ટનો સંપર્ક કર્યો હતો. જેને હવે મંજૂરી આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે પહેલાથી જ નિર્દેશ આપ્યો હતો કે પરીક્ષા દેશભરમાં એક જ શિફ્ટમાં લેવામાં આવે જેથી ન્યાયીતા અને પારદર્શિતા જળવાઈ રહે.

## કોંગ્રેસના ઉમેદવાર ભારત ભૂષણ આશુને મોડી રાત્રે સમન્સ મોકલવામાં આવ્યું

। ચંડીગઢ,તા.૬ ।

